


# NRG TIMES


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર  તા. જાન્યુઆરી ૧૫, ૨૦૨૨ • પોષ સુદ ૧૩, સંવત ૨૦૭૮



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


## મુખ્યમંત્રીશ્રીએ છ જિલ્લા કલેક્ટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી કોવિડ-૧૯ સામે તંત્રની સજ્જતાની સમીક્ષા કરી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં કોરોના સંક્રમણ સામે જિલ્લાઓ અને મહાનગરોના વહિવટી તંત્રની સજ્જતા અંગે સર્વગ્રાહી સમીક્ષા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજીને કરી હતી. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ અને ખેડા, આણંદ, ભરૂચ, નવસારી, વલસાડ તથા કચ્છના જિલ્લા કલેક્ટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને જિલ્લા આરોગ્ય અધિકારીઓએ મુખ્યમંત્રીશ્રીને પોતાના વિસ્તારોમાં વેક્સિનેશન ડ્રાઇવ, ટ્રેસીંગ-ટ્રેકીંગ અને જરૂરતમંદ કેસોમાં આઇસોલેશન તથા હોસ્પિટલોમાં દવાઓ, ઓક્સિજન બેડ વિગેરેની સંપૂર્ણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વહિવટી તંત્રોની આ સજ્જતા અંગેની સમીક્ષા કરતા કહ્યું કે, જિલ્લા તંત્રોને જરૂરી માર્ગદર્શન અને મદદ પહોચાડવાનું સઘન આયોજન થયું છે. કોરોના સામે રોગ પ્રતિકારક શકિત વધારવા તા.૧૦ જાન્યુઆરીથી મહાનગરો અને જિલ્લાઓમાં આયુષ દ્વારા સમગ્ર રાજ્યમાં દરરોજ કુલ મળીને બે હજાર કિલો ઉકાળા પાવડર પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. (Source : https://cmogujarat.gov.in)

## ગુજરાતમાં દેશની પ્રથમ લિથિયમ રિફાઇનરી બનશે

ગુજરાતમાં ૩૦ કરોડ ડોલરના મૂડીરોકાણ સાથે દેશની પ્રથમ લિથિયમ રિફાઇનરી સ્થાપવા માટે મણિકરણ લિથિયમ પ્રા. લિ. દ્વારા રાજ્યના ઉદ્યોગ વિભાગ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. આ રિફાઇનરીમાં હાઇ પ્યોરિટી બેટરી ગ્રેડ લિથિયમનું ઉત્પાદન થશે. દેશમાં અત્યાર સુધી આવી એકપણ રિફાઇનરી નથી. પ્રિ-વાયબ્રન્ટ ઇવેન્ટ અન્વયે ૬ઠ્ઠી કડીમાં ૩૯ એમઓયુ સંપન્ન થયા હતા જેમાં સ્ટ્રેટેજિક MOU ઉપરાંત કેપ્ટીવ જેટી પ્રોજેક્ટ, કેપ્ટીવ સોલાર પાવર પ્લાન્ટ, ગ્રીન રિન્યુએબલ હાઇડ્રોજન ફેસેલીટી, જંતુનાશક ઇન્ટરમીડીયેટસ, સિન્થેટિક ઓર્ગેનિક કેમિકલ્સ પ્લાન્ટ, નેનો સેટેલાઇટ માટે સંશોધન કેન્દ્ર વગેરેના MOU પણ થયા હતા. ઉલ્લેખનીય છે કે કુલ ૧૩૫ એમઓયુ અત્યાર સુધીમાં રાજ્યમાં વિવિધ ક્ષેત્રોમાં સૂચિત રોકાણો માટે થયા છે. (Source : https://cmogujarat.gov.in)

## ગુજરાતમાં કિશોરોના વૈક્સિનેશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના તરૂણોને કોરોના વેક્સિન આપવાના અભિયાનનો પ્રારંભ ગાંધીનગરના કોબાની જી.ડી.એમ. કોબાવાલા હાઇસ્કૂલથી કરાવ્યો હતો. રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના અંદાજે ૩૫ લાખથી વધુ બાળકોને કોરોના વેક્સિનેશન ડ્રાઇવ અન્વયે તા. ૩ થી ૯ જાન્યુઆરી સુધી આવરી લેવામાં આવ્યા હતા.

(Source : https://cmogujarat.gov.in)

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વ્યક્તિવિશેષોનું સન્માન




વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા ૨૬ ડિસેમ્બરે વિવિધ ક્ષેત્રોમાં તેમજ વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરનારા ગરવા ગુજરાતીઓ માટે અમદાવાદમાં કેન્દ્રીય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં વિશ્વ ગુજરાતી પ્રતિભા સન્માન સમારંભનું આયોજન કરાયું હતું. સમારંભમાં વિશ્વ ગુજરાતી સમાજના પૂર્વ પ્રમુખ કૃષ્ણકાંત વખારિયાને વિશિષ્ટ સેવા સન્માન, ડૉ. રિઝવાન કાદરીને સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા અવૉર્ડ, પદ્મશ્રી મથુર સવાણીને કાનજીભાઈ દેસાઈ ગુજરાતી પ્રતિભા અવૉર્ડ, ડૉ. આર. કે. પટેલને વિશિષ્ટ કામગીરી માટે તેમજ દિલ્હી ગુજરાતી સમાજને શ્રેષ્ઠ ગુજરાતી સમાજનો અવૉર્ડ આપી સન્માનિત કરાયા હતા.

(Source : https://navgujaratsamay.com)

## યુકેમાં નવનાત ભવનમાં સમાજના સ્નાતકોનો સન્માન સમારોહ યોજાયો



યુકેમાં નવનાત વણિક એસોસિએશને સમાજના ગ્રેજ્યુએટ થયેલ દિકરા-દિકરીઓના સન્માનનો એક શાનદાર સમારોહ તા. ૧૨ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ હેઝમાં નવનાત ભવનમાં યોજ્યો હતો. સમારંભ માટે ૨૨ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટોએ પોતાના નામ નોંધાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો જેમાં તેમના વાલી, મિત્રો અને કમિટીના સભ્યો મળી ૧૨૦ જણની હાજરી હતી. પ્રમુખશ્રી દિલિપભાઇ મીઠાણીએ સૌનું સ્વાગત કરી ડીગ્રીધારી યુવક-યુવતીઓને સમાજ તરફથી સર્ટીફિકેટ એનાયત કર્યા હતા.

(Source : www.gujarat-samachar.com)

## અમેરિકામાં વસેલા ગુજરાતીએ શિક્ષણ માટે આપ્યું પાંચ કરોડનું દાન



ગણપતભાઈ પટેલ અને મંજુલાબેન પટેલ શિક્ષણ થકી સમાજ ઉત્થાનનું સેવાકાર્ય કરે છે જેમાં સહભાગી થવા તેમના અંગત મિત્ર કાશીરામ પટેલ અને તેમના પત્ની કાન્તાબેનએ ગણપત યુનિવર્સિટીને ગુજરાત સરકાર માન્ય એગ્રિકલ્ચર કોલેજની સ્થાપના માટે પાંચ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. આ દાન દ્વારા ‘કાન્તાબેન કાશીરામ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રિકલ્ચરલ સાયન્સીસ એન્ડ રિસર્ચ’ની સ્થાપના થઈ છે, જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અત્યાધુનિક અને એડવાન્સ્ડ ટેકનોલોજી અને સંપૂર્ણ સુવિધાસભર ક્લાસરૂમ તેમજ ઈમ્પોર્ટેડ સાધનોથી સજ્જ લેબોરેટરી વગેરેની સુવિધા મળશે. કાશીરામભાઈ અમેરિકામાં બે કંપની ધરાવે છે.

(Source : https://sandesh.com)

## જાણીતા ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર દિલીપ પોપટનું સન્માન



ભક્તિધામ અને મણિબાઈ ગુજરાતી હાઈસ્કૂલ સાથે જોડાયેલા અમરાવતી (મહારાષ્ટ્ર)ના જાણીતા ઉદ્યોગપતિ પરોપકારી દિલીપભાઈ પોપટની ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે સર્વાનુમતે પસંદગી થતાં ડૉ. ગોવિંદ કાસત મિત્ર મંડળી દ્વારા તાજેતરમાં શાલ શ્રીફળ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતી સમાજના દાનવીર ધીરૂભાઈ સાંગાણીનું તેમના ૮૯મા જન્મદિન નિમિત્તે ‘પ્રતિભાનું સન્માન પ્રતિભાના ઘરે’ ઉપક્રમ હેઠળ તેમના નિવાસસ્થાન ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. દિલીપભાઈ પોપટ વિકલાંગોના કામો સહિત અનેક કાર્યોમાં સહકાર આપતા રહ્યા છે.

(Source : https://mandalnews.com)

## ૯ વર્ષીય નીયા નેશનલ રિસાઈકલીંગ/ઓર્ગન ડોનેશન દિવાળી આર્ટ કોમ્પિટિશન જીતી



ઓર્ગન ડોનેશન વિશે જાગ્રતિ લાવવામાં મદદરૂપ થવા માટે યોજાયેલી નેશનલ આર્ટ્સ કોમ્પિટિશન ‘Bringing Light Into Life’માં ૯ વર્ષીય નીયા વિજેતા બની હતી. આ નવતર સ્પર્ધાનું આયોજન જૈન એન્ડ હિંદુ ઓર્ગન ડોનેશન સ્ટીયરીંગ ગ્રૂપ દ્વારા NHS બ્લડ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ (NHSBT)ના સહયોગથી કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં યુકેના ૪થી ૧૮ વર્ષની વચ્ચેના બાળકો અને યુવાનોને દૂધની બોટલ અને સ્વીટના રેપર્સ જેવા ફેંકી દેવાયેલા પ્લાસ્ટિક કચરામાંથી જે અંગો અથવા ટીસ્યૂનું ડોનેશન કરી શકાય તેમાં પોતાના વિઝન અને રચનાત્મક કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને રૂપાંતરણ કરવા આમંત્રણ અપાયું હતું.

(Source : www.gujarat-samachar.com)

## ગુજરાતી ડૉ. પ્રદીપ મર્ચન્ટને કેનેડાનો સર્વોચ્ચ પુરસ્કાર



ગુજરાતી મૂળના ડૉ. પ્રદીપ મર્ચન્ટ ૧૩૫ વ્યક્તિ વિશેષની યાદીમાં સામેલ થયા છે જેમને કેનેડાના સૌથી ઉચ્ચ નાગરિક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. બાળરોગ નિષ્ણાત ડૉ. પ્રદીપ મર્ચન્ટને ભારતીય સમુદાય માટે લાંબા સમયથી આપેલા યોગદાન, પરોપકારી કાર્યો તથા કેનેડા-ભારત વચ્ચેના સંબંધોમાં મજબૂતી લાવવામાં તેમના નેતૃત્વની ભૂમિકાને ધ્યાને લઈ ‘એવોર્ડ ઓફ કેનેડા’થી સન્માનિત કરાયા છે. ડૉ. મર્ચન્ટની ઓટાવામાં મજબૂત બિઝનેસ ઓર્ગેનાઇઝેશન સ્થાપવામાં સક્રિય ભૂમિકા છે.

(સંદર્ભ: દિવ્ય ભાસ્કર, તા.૩૧.૧૨.૨૦૨૧)

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની ‘વતન પ્રેમ યોજના’

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે ‘માદરે વતન યોજના’ અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ ‘વતન પ્રેમ યોજના’ રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે ‘વતન પ્રેમ યોજના સોસાયટી’ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે ‘વતન પ્રેમ સોસાયટી’ દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. P M U દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

### આપ જોડાયા?

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર




બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા ‘ગુજરાત કાર્ડ’ એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.


**એવી માન્યતા છે કે સૂર્યના ઉત્તરાયણ થવાથી દેવતાઓના દિવસની શરૂઆત થાય છે. જેના કારણે આ પર્વનું ખાસ મહત્વ છે. ખરમાસના કારણે ૧૬ ડિસેમ્બરથી બંધ માંગલિક કાર્યો મકરસંક્રાન્તિ પછી શરૂ થઇ જાય છે.**

# મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ

મકરસંક્રાન્તિ એ સૂર્યની ગતિ પર આધારિત તહેવાર છે. સૂર્ય જ્યોતિષશાસ્ત્રની ગણતરી મુજબ મકરરાશિમાં પ્રવેશે ત્યારે એટલે કે ૧૪મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાન્તિનો ઉત્સવ ઊજવાય છે. અલબત્ત, આકાશમાં સૂર્ય ૬ માસ દક્ષિણાયન એટલે દક્ષિણ દિશા તરફ જતો દેખાય છે, એ પછી ૨૨મી ડિસેમ્બરના રોજ તે ઉત્તરાયન એટલે ઉત્તર દિશા તરફ ગતિ કરતો દેખાય છે. સૂર્યનું ૨૨મી ડિસેમ્બરથી ઉત્તર દિશા તરફ જવું તેને 'ઉત્તરાયન' કહે છે. ગુજરાતીમાં 'ઉત્તરાયન'નું 'ઉતરાણ' એવું રૂપ થયું છે અને પતંગ ચગાવવાના તહેવાર તરીકે તેને સામાન્ય રીતે લોકો ઓળખે છે. વસ્તુતઃ સૂર્યનું ઉત્તરાયન તો ૨૨મી ડિસેમ્બરથી થાય છે; જ્યારે ૧૪મી જાન્યુઆરીએ, મકરસંક્રાંન્તિને દિવસે આનંદ વ્યક્ત કરવા માટે પતંગ ચગાવવામાં આવે છે. ૧૪મી ડિસેમ્બરથી ૧૪મી જાન્યુઆરી સુધી ધનરાશિમાં સૂર્ય હોય છે અને તે ગાળો કુમુહૂર્ત તરીકે ઓળખાય છે. એ જ્યાં સુધી મકરરાશિમાં ન પ્રવેશે ત્યાં સુધી અશુભ સમય ગણાતો હોવાથી તેમાં ઉત્સવ ન ઊજવાય એ સ્વાભાવિક છે. ૧૪મી જાન્યુઆરીએ સૂર્ય મકર-રાશિમાં પ્રવેશતાં મંગળ કાર્ય થઈ શકે તેવો સમય શરૂ થતો હોવાના ખ્યાલે પતંગ ચગાવીને આનંદ વ્યક્ત કરવામાં આવે છે.

હિંદુ ધર્મશાસ્ત્ર મુજબ મકરસંક્રાન્તિના દિવસે સ્નાન, પૂજા, દાન અને શ્રાદ્ધ – એ ચાર ધાર્મિક વિધિઓને આવશ્યક માનવામાં આવી છે. મકરસંક્રાન્તિના દિવસે સ્નાન કરવાથી આરોગ્ય અને ધનની પ્રાપ્તિ થાય છે. એ ન કરવાથી રોગ અને ગરીબી મળે છે. વળી શ્રાદ્ધનો નિયમ એવો છે કે મકરસંક્રાન્તિના દિવસે પિંડ મૂક્યા વિના શ્રાદ્ધ કરવામાં આવે છે. વળી દેવો અને પિતૃઓને માટે જે પદાર્થનું દાન કરવામાં આવે તે પદાર્થ સૂર્યદેવ પ્રત્યેક જન્મે હંમેશાં આપે છે. તે દિવસે તલનું દાન પણ ફળદાયી ગણાય છે; તેથી દેવો માટે સફેદ તલનું અને પિતૃઓ માટે કાળા તલનું દાન કરવામાં આવે છે. તલની ગાય બનાવીને તેનું દાન, તલના તેલના દીવાઓનું દાન, તલથી હોમ અને તલના તેલથી અભ્યંગસ્નાન, તથા તલની વાનગી કે એકલા તલનો આહાર; તલથી પિતૃઓનું તર્પણ, તલ અને ચોખા વડે શિવનું મંદિરમાં પૂજન – એ મકરસંક્રાન્તિ માટે ધર્મશાસ્ત્રમાં ગણાવવામાં આવેલી ફળદાયક વિધિઓ છે. મકરસંક્રાન્તિના પવિત્ર કાળમાં જો સ્નાન, પૂજન, દાન અને શ્રાદ્ધ કરવામાં આવે તો તે વધુ પુણ્યદાયક થાય છે. વળી તે દિવસે ઉપવાસ કરવામાં આવે છે, પરંતુ જે ગૃહસ્થ સંતતિવાળો હોય તેણે ઉપવાસ કરવાનો હોતો નથી. મકરસંક્રાન્તિના દિવસે દિવસ અને રાતે (એક અહોરાત્ર) ઉપવાસ કરવામાં આવે છે. તેવી રીતે આગલા અને પાછલા મળીને ત્રણ દિવસો સુધી ઉપવાસ કરવાની ભલામણ પણ ધર્મશાસ્ત્રમાં કરવામાં આવી છે.

વળી મકરસંક્રાન્તિના દિવસે શિવની પૂજામાં શિવ પર ઘીનો અભિષેક કરવાથી મહાફળ મળે છે. શિવને ગાયના ઘીથી સ્નાન કરાવી આઠ




માસા સુવર્ણ અથવા પંચરત્ન (સુવર્ણ, હીરો, નીલમ, માણેક અને મોતી) સમર્પણ કરવામાં આવે છે. સાથે સાથે ચામર, છડી વગેરેનું સમર્પણ કરી શકાય. શિવપૂજન પછી બ્રાહ્મણભોજન અને સંન્યાસીને ભોજન કરાવી દક્ષિણા આપી તલ સાથે પંચગવ્યનું (ગાયનું દૂધ, દહીં, ઘી વગેરે પાંચ ચીજોનું) પ્રાશન કરીને ઉપવાસી પારણાં કરે છે. વળી વસ્ત્રદાન કરવાથી અધિક પુણ્ય મળે છે.

મકરસંક્રાન્તિના દિવસે તલ સાથે બળદનું દાન કરવાથી રોગમાંથી મુક્ત થવાય છે. તે દિવસે સૂર્યને દૂધ વડે સ્નાન કરાવવાથી મનુષ્યને સૂર્યલોકની પ્રાપ્તિ થાય છે. મકરસંક્રાન્તિની જેમ સૂર્યની મેષ, કર્ક અને તુલા રાશિઓમાં સંક્રાન્તિ થાય ત્યારે પણ આ જ રીતે ઉપવાસ કરવાની સાથે આગલા અને પાછલા દિવસ સાથે બાર પહોર સુધી શુભકાર્યો કરવામાં આવતાં નથી અને વિદ્યાર્થીઓ માટે અનધ્યાય રાખવામાં આવે છે.

ઉત્તરાયન એટલે સૂર્યની ઉત્તર તરફ ખસવાની ક્રિયા જે ૨૨ ડિસેમ્બરે થાય છે. વર્ષમાં સૂર્ય બે વાર ખરા પૂર્વબિંદુએ ઊગે છે. આ દિવસો છે ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બર. એમને અનુક્રમે વસંતસંપાત અને શરદસંપાત કહેવામાં આવે છે. વસંતસંપાત પછીનો સૂર્યોદય ઉત્તર તરફ ખસતો રહીને થાય છે. શરદસંપાત પછી સૂર્ય દક્ષિણ તરફ ખસતો રહીને ઊગે છે. એ રીતે ત્રણ માસ દક્ષિણ તરફ ખસ્યા બાદ, સૂર્ય વધુ આગળ ન ખસતાં, પાછો ઉત્તર તરફ ખસવાનું શરૂ કરે છે.

ગુજરાતમાં ૧૪ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણનું પતંગપર્વ ઊજવવામાં આવે છે. ('ઉતરાણ' શબ્દ ઉત્તરાયણનો અપભ્રંશ છે.) ૧૪ જાન્યુઆરીનું પર્વ ખરેખર ઉત્તરાયણનું નહિ, પણ મકરસંક્રાંતિનું છે.

ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ અલગ બાબતો છે. સૂર્યનું ઉત્તર દિશા તરફનું અયન યા ગમન ઉત્તરાયણ છે જ્યારે સૂર્યનું મકરરાશિમાં સંક્રમણ યા પ્રવેશ મકરસંક્રાંતિ છે. ઉત્તરાયણ ઋતુ-આધારિત તહેવાર છે, જ્યારે મકરસંક્રાંતિ નાક્ષત્રિક તહેવાર છે.




ઋતુદર્શક પર્વ ઉત્તરાયણના દિવસે હેમંત ઋતુ પૂરી થઈ શિશિર ઋતુ શરૂ થાય છે.


ઉત્તરાયણનો એક અર્થ 'વર્ષનો અર્ધો ગાળો' એવો પણ છે. આ રીતે ઉત્તરાયણના છ માસ દરમિયાન શિશિર, વસંત અને ગ્રીષ્મઋતુઓ આવે છે.

ઉત્તરાયણે દિવસ ટૂંકામાં ટૂંકો અને રાત્રિ લાંબામાં લાંબી હોય છે. ઉત્તરાયણના દિવસની લંબાઈ ભલે ટૂંકામાં ટૂંકી હોય, વાસ્તવમાં ઉત્તરાયણનો આખો દિવસ (દિનરાત) વર્ષના અન્ય દિવસોની સરાસરી લંબાઈની સરખામણીમાં અર્ધી મિનિટ જેટલો લાંબો હોય છે. ઉપરાંત સૂર્યની અસમાન આકાશી ગતિને કારણે ઉત્તરાયણના દિવસે ખરા બપોરનો યા મધ્યાહનનો સ્થાનિક સમય બે મિનિટ જેટલો વહેલો હોય છે.

ઉત્તરાયણ અને મકરસંક્રાન્તિ વચ્ચે એક બીજો પણ ફરક છે. ઉત્તરાયણનો દિવસ સ્થિર રૂપનો છે, જ્યારે મકરસંક્રાંતિનો દિવસ દર ૭૨ વર્ષે એક દિવસ જેટલો આગળ ખસતો રહે છે. કેટલાંક વર્ષ પહેલાં મકરસંક્રાન્તિ ૧૩ જાન્યુઆરીએ થતી હતી. હવે પછીનાં થોડાં વર્ષ બાદ તે ૧૫ જાન્યુઆરીએ થશે. આજથી ૧૬૦૦ વર્ષ પહેલાં ઉત્તરાયણ અને મકરસંક્રાન્તિ એક જ દિવસે થતાં હતાં. એમને હંમેશ માટે એક જ દિવસે થવાનું માનીને ચાલવાને કારણે અર્થ અને ક્રિયાની દૃષ્ટિએ અલગ એવા આ બંને તહેવારોનો ગૂંચવાડો ઊભો થયો છે.

ભીષ્મ પિતામહે ઉત્તરાયણનો સૂર્ય થયા બાદ મૃત્યુ ઇચ્છ્યું હતું તે આ પર્વની વિશેષતા દાખવે છે. એવી પણ માન્યતા છે કે મકરસંક્રાન્તિના દિવસે જ ભીષ્મ પિતામહ જે પહેલાં દેવવ્રત તરીકે ઓળખાતા હતા, તેમના માતા ગંગાજી ભાગીરથ ઋષિની પાછળ-પાછળ ચાલીને કપિલ ઋષિના આશ્રમ સુધી પહોંચ્યા હતાં.

(Source : https://gujarativishwakosh.org)





# પતંગ

પતંગ ચગાવવાની રમત વિશ્વના ઘણા દેશોમાં લોકરમત તરીકે પ્રચલિત છે. વાંસની સળીમાંથી બનાવેલા કમાન અને ઢઢ્ઢા ઉપર ડાયમંડ (ચોરસ) આકારનો પાતળો કાગળ ચોટાડી તથા નીચે ફૂમતું લગાવી પતંગ બનાવવામાં આવે છે; અને તેને કન્ના બાંધી દોરી વડે ચગાવવામાં આવે છે. પતંગ બનાવવાનો વિચાર તો ઈ. સ. પૂર્વે ચોથા સૈકામાં ગ્રીક વિજ્ઞાની એરોક્રાઇટસને સૂઝ્યો હતો; પણ પતંગ ચગાવવાની રમત, ત્યારપછી ૧૦૦ વર્ષે ચીનના લોકોએ શરૂ કરી. આમ, લગભગ અઢી હજાર વરસ પહેલા ચીનમાં પતંગ ચગાવવાની શરૂઆત થઈ. ઇન્ડોનેશિયાની ગુફાઓમાં પણ પતંગનાં ચિત્રો જોવા મળ્યાં છે. તે વખતે વનસ્પતિના મોટાં-મોટાં પાંદડાંઓમાંથી પતંગ બનાવવામાં આવતો હતો. એવું કહેવાય છે કે શરૂઆતમાં યુદ્ધ વખતે કે કટોકટી દરમિયાન સંદેશા મોકલાવવા, બે સ્થળો વચ્ચેનું અંતર માપવા કે પવનની દિશા અને ઝડપ જાણવા પતંગનો ઉપયોગ થતો. પતંગની શોધ ભલે કટોકટી, યુદ્ધ કે સંશોધન માટે કરાઈ હતી પરંતુ હાલના સમયમાં પતંગ ઉજવણી કરવાનું સાધન બન્યું છે.

આજે પતંગ ઉત્તરાયણનો પર્યાય બની ગયો છે. ઋગ્વેદમાં સૂર્ય માટે 'પતંગ' શબ્દ વપરાયો છે. પ્રાચીન ગ્રંથો મુજબ સૂર્ય સમક્ષ રહેવાથી કલ્યાણ થાય છે તથા અમંગળ, દરિદ્રતા અને રોગ દૂર થાય છે. કદાચ એટલે જ આ દિવસે સૂર્ય સમક્ષ રહેવું લાભકર્તા માનવામાં આવે છે અને લોકો આખો દિવસ પતંગ ચગાવે છે અને સૂર્યના કિરણોથી પોઝિટિવિટીનો અનુભવ કરે છે.

પતંગના ઘણા પ્રકાર છે અને તેની બનાવટ તથા કદને અનુલક્ષીને તેનાં વિવિધ નામ પડેલાં છે. સૌથી નાનો પતંગ તે 'ફુદ્દી' અને તેનાથી મોટા પતંગ અનુક્રમે 'પાવલો', 'અડધિયો', 'પોણિયો' અને 'આખિયો' – એ નામે ઓળખાય છે. પતંગની આસપાસ તેની ચારેય કિનારીએ દોરી નાખી પતંગનો કાગળ તે દોરી પર ચોટાડી દે છે. તેવા પતંગને 'દોરીદાર' પતંગ કહે છે. પતંગ સુશોભિત દેખાય એટલા માટે કેટલીક વખત તે એક જ રંગના કાગળનો ન બનાવતાં જુદા જુદા રંગના અનેક કટકાનો બનાવવામાં આવે છે. આવા પતંગને તેના દેખાવ પ્રમાણે 'અટા-પટાદાર', 'ડોબદાર', 'મથ્થાદાર' – એવાં જુદાં જુદાં નામ અપાય છે.

પતંગના ભાગ : (૧) માથું, (૨) ઢઢ્ઢો, (૩) કમાન, (૪) કાગળની પટ્ટી, (૫) પૂંછડીનો આધાર, (૬) પૂંછડી, (૭) વાળેલી કિનારી.

દિવાળી પૂરી થઈ કે પતંગની મોસમ શરૂ થાય છે તે ઠેઠ મકરસંક્રાંતિ સુધી ચાલે છે. પતંગ ચગાવવાનો શોખ ગુજરાતમાં જ નહિ, અન્ય રાજ્યોમાં તેમજ અન્ય દેશોમાં પણ છે. બંગાળમાં દુર્ગાપૂજાથી માંડી વિશ્વકર્માપૂજા દરમિયાન, પંજાબમાં વસંતપંચમીથી હોળી સુધી, તમિળનાડુમાં પોંગલ (નૂતન વર્ષ) દરમિયાન, ઉત્તરપ્રદેશમાં શ્રાવણ મહિનામાં તો મહારાષ્ટ્રમાં દશેરા પહેલાં પતંગો ચગતી હોય છે.

પતંગ ચગાવવા માટેનો દોર સારો, વળદાર અને મજબૂત હોવો જોઈએ. રીલનો સાદો દોરો ચાલે. પેચ લડાવવાના હોય ત્યારે દોરીને, ખેળમાં કાચનો ભૂકો નાખી બનાવેલ લૂગદી ચોપડી, માંજો બનાવવામાં આવે છે અને નળિયાના કે પથ્થરના કટકા પર સરખી રીતે વીંટી ગોળ યા નારિયેળ આકારનું પિલ્લું બનાવવામાં આવે છે. દોર ગૂંચવાઈ ના જાય એટલા માટે તેને લાકડાની અગર વાંસની ફીરકી પર વીંટવામાં આવે છે.

પતંગને મેદાન, અગાસી યા છાપરા પરથી ઉડાડી શકાય છે. પતંગને કન્ના બાંધ્યા પછી કન્નાના ઉપરના બેવડા છેડા સાથે પિલ્લું યા ફીરકીના દોરનો છેડો બાંધી, દોર હાથમાં રાખી, પવનની દિશામાં ઉડાડવામાં આવે છે. ઊડતા પતંગની દિશા બદલવા માટે પતંગને યોગ્ય સ્થિતિમાં લાવીને ખેંચવાના કૌશલ્યને 'પતંગ કતરાવવો' કહે છે. પતંગ ખેંચીને નીચેની દિશામાં લાવવાના કૌશલ્યને 'ગોથ મારવી' કહે છે. દોરને ધીમે ધીમે છોડતાં હાથ વડે ગોળ ગોળ ફેરવી પતંગનેય ગોળાકારે ફેરવવાના કૌશલ્યને 'લોટાવવો' કહે છે. ઉડાડેલો પતંગ કોઈ કારણે સમતોલ ના રહે તથા વધારે વજન હોય તે બાજુ નમી પડતો હોય ત્યારે તે 'ગિન્નાય છે' અને ગોળ ગોળ ફરી જતો હોય ત્યારે તે 'ગોથ ખાય છે' એમ કહેવાય છે.

પતંગ ઉડાડ્યા પછી નજીક ઊડતા પતંગ સાથે પેચ લડાવવામાં આવે છે. કેટલાક ખેંચીને સામાવાળા પતંગને કાપી નાંખે છે, તેને 'ખેંચકાપ' કહે છે. પેચ લડાવતાં મોટે ભાગે 'સહેલ' આપવાનો રિવાજ વિશેષ રૂઢ છે. 'સહેલ' આપવા દોરને ઢીલો મૂકવામાં આવે છે. તેના બે પ્રકાર છે : 'લોટતી સહેલ' અને 'ઊડતી સહેલ'. ઉતરાણના દિવસો દરમિયાન સૂરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ વગેરે શહેરોમાં પતંગના પેચ લડાવવાની સ્પર્ધાઓ યોજાય છે અને તે અત્યંત પ્રેક્ષણીય તથા લોકપ્રિય બની રહી છે.

(Source : https://gujarativishwakosh.org)



# દેશનો પ્રથમ ચરખાવાળો ત્રિરંગો

## ૧૦૦ વર્ષ અગાઉ અમદાવાદમાં ફરકાવાયો હતો

૧૫ ઓગસ્ટ, ૨૬ જાન્યુઆરી અને ૨૬ નવેમ્બરની જેમ ૨૬ ડિસેમ્બરની તારીખ પણ આપણા દેશ માટે એક અલાયદું સ્થાન ધરાવે છે. બરાબર ૧૦૦ વર્ષ અગાઉ એટલે કે ૨૬ ડિસેમ્બર ૧૯૨૧ના ભારતનો સૌપ્રથમ ચરખાવાળો તિરંગો અમદાવાદની ઐતિહાસિક વી. એસ. હોસ્પિટલમાં લહેરાવાયો હતો. ડિસેમ્બર ૧૯૨૧ના આ ઐતિહાસિક પ્રસંગનો સાક્ષી એવો ફૂવારો આજે પણ વી. એસ. હોસ્પિટલમાં સાંગોપાંગ છે. આ સ્થળે જ સાડા ત્રણ લાખ મીટર ખાદીનો પહેલવહેલી વખત ઉપયોગ કરીને 'ખાદી નગર' બનાવવામાં આવ્યું હતું. અસહકાર આંદોલન તેની ચરમસીમાએ ચાલી રહ્યું હતું અને સૂતરના તાંતણે આખો દેશ એક થયો હતો.

૨૬મી ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ ગગનભેદી નારાઓ વચ્ચે ભારતનો સૌપ્રથમ ચરખાવાળો ત્રિરંગો સાબરમતી નદીના કિનારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ લહેરાવ્યો હતો. આ ત્રિરંગામાં લાલ, લીલા અને સફેદ રંગની વચ્ચે ચરખો મૂકવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરને આ યશ અપાવનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા.

અમદાવાદના ઈતિહાસવિદ્ પ્રો. રિઝવાન કાદરીએ આ ઐતિહાસિક ઘટના અંગે પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, 'મછલીપટ્ટનમના રાષ્ટ્રીય મહાવિદ્યાલયવાળા વેંકય્યાએ હિન્દી પ્રજાના એક રાષ્ટ્રીય ધ્વજને વિશે કેટલીક સૂચનાઓ અને નમૂનાઓ તૈયાર કર્યા હતા. તેઓ છેલ્લા ચાર વર્ષથી મહાસભાની દરેક બેઠક વખતે રાષ્ટ્રીય ધ્વજનો સવાલ ઘણા જ ઉમંગથી ચર્ચતા, પરંતુ તેને યોગ્ય પ્રતિસાદ મળતો ન હતો. ૩૧મી માર્ચ, ૧૯૨૧ના રોજ બેઝવાડા મુકામે મળેલ અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની બેઠક સમયે વેંકય્યાએ રાષ્ટ્રધ્વજનો એક નમૂનો ગાંધીજી સમક્ષ મૂક્યો. આખા રાષ્ટ્રનું અંતર હલાવે એવું કશું એ નમૂનામાં ગાંધીજીને જોવા ન મળ્યું. એ સમયે હાજર રહેલા જલંધરવાળા લાલા હંસરાજે અનાયાસે સૂચવ્યું, 'બાપુજી, રેંટિયાને આપણા સ્વરાજ ધ્વજ ઉપર કાં સ્થાન ન મળે?'

આ સૂચનાથી ગાંધીજી અચરજ પામ્યા અને તેમણે તરત જ લાલ, લીલો અને ભોંય ઉપર રેંટિયાનું ચિત્ર દોરેલો એક ધ્વજ તૈયાર કરી આપવા કહ્યું. ઉત્સાહી વેંકય્યાએ ગાંધીજીની સૂચના મુજબ ત્રણ કલાકમાં ચરખાવાળો ત્રિરંગો તૈયાર કરી પહોંચાડ્યો જે મહાસમિતિની બેઠકમાં 'રાષ્ટ્રધ્વજ' તરીકે સ્વીકારવામાં આવ્યો, પરંતુ તેને જાહેરમાં સર્વપ્રથમ વખત લહેરાવવાનું માન સરદાર વલ્લભભાઈ પટેલે અમદાવાદને અપાવ્યું.'

૧૯૧૭માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સરદારના પ્રવેશ પછી રાષ્ટ્રીય તત્ત્વની સાથેસાથે તેમાં હિંમતનો પણ પ્રવેશ થયો. ચાર વર્ષના ટૂંકા ગાળામાં સરદારનું નેતૃત્વ ઝળકી ઉઠ્યું અને તેઓ ૧૯૨૧માં 'ગુજરાત પ્રાંતિક સમિતિ'ના સ્થાપક પ્રમુખ બન્યા. 'ટીમ સ્પિરિટ'થી કામ કરતા સરદાર વલ્લભભાઈ પટેલે પોતાના સાથીની મદદથી ૩૬મી મહાસભાના આયોજનની તૈયારીઓ શરૂ કરી. સામ્રાજ્યવાદી બ્રિટિશ સરકાર સામે અસહકાર આંદોલન ચરમસીમા પર ચાલી રહ્યું હતું અને અંગ્રેજ સરકાર અડચણો ઉભી કરતી હતી. તેવા સમયે સરદાર વલ્લભભાઈના કૌશલ્યનો સમગ્ર દેશને પરિચય થયો.

મહાસભા પ્રમુખ ચિત્તરંજનદાસ જેલમાં હોવાથી તેમની ગેરહાજરીમાં મહાસભાનું ૩૬મું અધિવેશન હકીમ અજમલખાનના અધ્યક્ષસ્થાને મળ્યું હતું. આ અધિવેશનના આયોજક અને સ્વાગત સમિતિના અધ્યક્ષ સરદાર વલ્લભભાઈ પટેલ હતા. ભયંકર અફવાઓ-તનાવનાં વાતાવરણ વચ્ચે મહાત્મા ગાંધીએ સાબરમતી નદીના કિનારે ૨૬મી ડિસેમ્બરના રોજ ચરખાવાળો ત્રિરંગો લહેરાવ્યો ત્યારે હકીમ અજમલખાન, સરોજિની નાયડુ, સરદાર વલ્લભભાઈ અને હજારો લોકોએ ભારે હર્ષનાદ વચ્ચે સલામી આપી હતી. તે પછી ૧૯૩૧માં સરદારના અધ્યક્ષસ્થાને મળેલ કરાચી મહાસભામાં કોઈપણ કોમી સૂચકતા ન ધરાવતા કેસરી, સફેદ અને લીલા રંગ વચ્ચે ચરખો ધરાવતો 'ત્રિરંગો' મંજૂર થયો. આમ પહેલો ચરખાવાળો ત્રિરંગો લહેરાવવાનો યશ સરદાર વલ્લભભાઈ પટેલની હિંમતને કારણે અમદાવાદને મળ્યો.

અમદાવાદ શહેરને આ યશ અપાવનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા. જે સ્થળે આ તિરંગો લહેરાવવામાં આવ્યો હતો અને જ્યાં 'ખાદીનગર'માં ૩૬મી મહાસભા મળી હતી ત્યાં જ સરદાર વલ્લભભાઈ પટેલે જનસુખાકારી માટે 'ઈસ્પિતાલ'નું નિર્માણ કરાવ્યું. એ 'ઈસ્પિતાલ' છે શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ અને શેઠ ચિનાઈ પ્રસુતિગૃહ. ૧૩મી ડિસેમ્બર, ૧૯૩૧ના રોજ આ 'ઈસ્પિતાલ'નું સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

(Source: www.gstv.in)

# ૩.૨ કરોડથી વધુ ભારતીયો વિદેશમાં વસે છે

## વતનમાં પૈસા મોકલવામાં ૧૪ વર્ષથી ભારતીયો મોખરે, અમેરિકી નીતિઓને પણ અસર કરી રહ્યા છે

૯મી જાન્યુઆરી પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસ પ્રવાસીઓના યોગદાનને સન્માનિત કરવા માટે મનાવાય છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ વિશ્વમાં ૩.૨ કરોડથી વધુ પ્રવાસી ભારતીયો છે. તેમાંથી બે કરોડથી વધુ એટલે કે અંદાજે ૭૦ ટકા તો અમેરિકા, યુએઇ, સાઉદી અરેબિયા, મ્યાનમાર, બ્રિટન, કેનેડા અને શ્રીલંકામાં જ છે.

સૌથી વધુ ૪૪.૫ લાખ ભારતીયો અમેરિકામાં છે. પ્રવાસીઓ પાસેથી ધન મેળવનારા વિશ્વના વિવિધ દેશોની યાદીમાં ભારત વર્ષ ૨૦૦૮થી પહેલા નંબરે છે. કોરોના મહામારી છતાં ૨૦૨૧માં પ્રવાસી ભારતીયોએ ભારતમાં ૮૭ અબજ ડોલર (અંદાજે ૬.૫ લાખ કરોડ રૂપિયા) મોકલ્યા, જે રકમ ૨૦૨૦થી ૪.૬ ટકા વધુ છે. તેના ૨૦ ટકા રૂપિયા તો માત્ર અમેરિકાથી ભારતીયોએ મોકલ્યા.

દર વર્ષે અંદાજે ૨૫ લાખ ભારતીયો વિદેશપ્રવાસે જાય છે, જે આંકડો બીજા કોઇ પણ દેશની સરખામણીમાં સૌથી વધુ છે. પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે ઇન્ડિયન ડાયસ્પોરાના કાર્યકારી નિયામક સંજીવ જોશીપુરાએ જણાવ્યું હતું કે ભારતીયો એક દાયકાથી મહત્વની ભૂમિકાઓ ભજવી રહ્યા છે. સંગઠન ૨૮થી વધુ દેશના ત્રણ કરોડ પ્રવાસી ભારતીયોનું પ્રતિનિધિત્વ કરે છે.




અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં અમેરિકી સાંસદોને સલાહ આપતી સમિતિના સભ્ય રહેલા સંજીવ જોશીપુરા ભારતમાં જન્મ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા સંબંધો મજબૂત બની રહ્યા છે. હવે ભારતમાં પણ પ્રવાસીઓની માન્યતા પાર્ટીલાઇનથી ઉપર છે. પ્રવાસીઓની ભૂમિકા આજે ભારત-અમેરિકા વચ્ચે એક સેતુ સમાન મનાય છે. ૨૦૧૫ સુધી તો ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકી વિદ્યાર્થીઓ સાથે આંખ નહોતા મિલાવી શકતા. હવે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ અને આઇટી પ્રોફેશનલ્સની સંખ્યા વધતાં સમીકરણો બદલાઇ ગયાં છે. જોકે, કેટલાક અવરોધો છે પણ પરિવર્તન હકારાત્મક દિશામાં છે. હકારાત્મક એટલા માટે કે અગાઉ ભારતીયો મુખ્યત્વે શૈક્ષણિક અને વ્યાપારમાં સફળતા પર ધ્યાન આપતા હતા પણ હવે તેઓ આર્થિક રીતે સુરક્ષિત છે અને એક્ટિંગ, સ્પોર્ટ્સ, આર્ટ, મ્યુઝિક જેવાં ક્ષેત્રોમાં ભાગીદારી કરી રહ્યા છે. રાજકારણમાં પણ તેમની ભાગીદારી વધી છે. રાષ્ટ્રપતિ જો બાઇડેનની સરકારમાં ૮૦થી વધુ મૂળ ભારતીયો મહત્વના પદ સંભાળે છે. આજે ભારતીય અમેરિકી હોવાનો અર્થ અમેરિકાનું અને વૈશ્વિક સ્તરે મુખ્ય પ્રવાહનું અભિન્ન અંગ હોવું છે. ભારતીય અમેરિકનોની સફળતાએ તેમના સોફ્ટ પાવરમાં વૃદ્ધિ કરી છે. તેની સીધી અસર નીતિઓ ઘડવામાં દેખાઇ રહી છે. ભારતીયો દેશમાં જ નહીં, અમેરિકામાં પણ પરોપકારમાં આગળ છે.

### અમેરિકાની ૧૩૩ અબજ ડોલરની મોટેલ ઇન્ડસ્ટ્રીમાં ૫૦ ટકા હિસ્સો ગુજરાતીઓનો

‘જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત’ તેમજ ‘જંગલમાં પણ મંગલ કરતા ગુર્જર ઉદ્યમ પ્રીત’ પંક્તિને ઉજાગર કરતા ગુજરાતીઓ અમેરિકામાં પણ પોતાનો ડંકો વગાડી રહ્યા છે. અમેરિકાની ૧૩૩ અબજ ડોલરની મોટેલ ઇન્ડસ્ટ્રીમાં ૫૦ ટકા હિસ્સો ગુજરાતીઓ ધરાવે છે. ગુજરાતમાંથી દર વર્ષે ૭૦ થી ૮૦ હજાર લોકો પરિવાર સાથે ઇમિગ્રેશન વિઝા માટે અરજી કરે છે જેમાંથી ૫૦ હજાર ગુજરાતીઓ સ્થળાંતર કરે છે. અમેરિકાની ટોચની કંપનીઓમાં મૂળ ભારતીઓના દબદબા સાથે ત્યાં નાની ગ્રોસરી શોપથી માંડી ટેકનોલોજી સેગમેન્ટમાં બિઝનેસ કરવામાં ગુજરાતીઓ મોખરે છે. ગુજરાતીઓ અમેરિકામાં વેપારધંધા, શિક્ષણ, કારકિર્દી વગેરે જેવા વિવિધ કારણોસર તેમના પરિવારો સાથે સ્થાયી થવા માંગતા હોય છે. અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ પાસેથી નાગરિકતા પ્રાપ્ત થતા ૨૦૧૭થી અત્યાર સુધી કુલ છ લાખ ભારતીયોએ તેમની ભારતીય નાગરિકતા છોડી હોવાનું વિદેશ મંત્રાલય જણાવે છે. જેમાં પાંચ વર્ષમાં અમેરિકાએ ૨,૫૬,૪૭૬ ભારતીયોને સૌથી વધુ વિદેશી નાગરિકતા આપી છે. ૨૦૨૦-૨૧માં અમેરિકાએ ૮૬,૩૮૭ ભારતીયોને નાગરિકતા આપી છે

### ઉદ્યોગ સાહસિકતાનો જુસ્સો ગુજરાતીઓને આકર્ષે છે.

પ્રિન્સિપલ એટર્ની અને ફાઉન્ડર, ગેહીસ ઇમિગ્રેશન એન્ડ ઇન્ટરનેશનલ લીગલ સર્વિસીસ, નરેશ ગેહી જણાવે છે કે ગુજરાતી ડાયસ્પોરા અમેરિકાના અર્થતંત્રમાં નોંધપાત્ર ફાળો આપે છે. સમુદાયના ઉદ્યોગ સાહસિકતાના જુસ્સા અને વ્યવસાયો સ્થાપિત કરવાના સ્વાભાવિક ઉત્સાહને ધ્યાનમાં લઈએ તો ગુજરાતીઓ અત્યારે અમેરિકાની મોટેલ્સ, હોટેલ્સ અને દુકાનોમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. સરકારની સાનુકૂળ નીતિઓ અમેરિકામાં બિઝનેસ સ્થાપિત કરવા માટે ગુજરાતીઓને આકર્ષે છે.

સોફ્ટવેર, ટેક્નોલોજી, રિટેલ સેક્ટરમાં પણ ગુજરાતીઓનો દબદબો છે. આવા કેટલાક જાણીતા નામ જોઈએ તો રોમેશ વાધવાણી – સિમ્ફની ટેકનોલોજી ગ્રુપ, ભરત દેસાઈ – એટોસ સિન્ટેલ, વીજે જોષી – ૩ડી સિસ્ટમ, પટેલ બ્રધર્સ – સુપર માર્કેટ ચેઇન, દિવેશ પટેલ – ઈન્ફિનિલક્સ અને રવિ પટેલ – યુએસ કોંગ્રેસમાં પ્રથમ ઇન્ડિયન.

અમેરિકા ઉપરાંત યુએઇમાં ૩૪ લાખ, સઉદી અરબમાં ૨૪ લાખ, ઓમાનમાં ૧૩ લાખ અને કુવૈતમાં ૧૧ લાખ ભારતીયો વસે છે.

સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨૭.૧૨.૨૦૨૧, તા. ૯.૧.૨૦૨૨)